Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# ગઝલની વિકાસયાત્રા

**સાહિલ પી. આચાર્ય**

પીએચ.ડી. વિદ્યાર્થી(ગુજરાતી)ભાષાસાહિત્ય ભવન, ગુજરાત યુનિ., અમદાવાદ

**સારાંશ-**

ગઝલ એ એક પારકું સાહિત્ય સ્વરૂપ છે. જેનું વતન મધ્ય-પશ્ચિમ એશિયા છે. અરબી-ફારસીમાંથી આપણે ત્યાં આ પદ્ય સ્વરૂપનું અવતરણ થયું છે. ઉછીનો હોવા છતાંય આજે એ એટલો માતબર સાહિત્ય પ્રકાર બની બેઠો છે કે કદાચ એને પારકો કહેતા અજૂગતું લાગે છે. ગુજરાતી સાહિત્યમાં આજે સૌથી વધુ ખેડાતો સાહિત્ય પ્રકાર હોય તો તે ‘ ગઝલ ’ છે. ગઝલનું વતન મધ્ય પશ્ચિમ એશિયા છે. અરબી,ફારસીમાંથી આપણે ત્યાં આ કવિતારોપ ઉછીનો લેવાયો છે. પરંતુ આજે તેણે પરકીય સાહિત્ય પ્રકાર મટી સ્વકીય કહેડાવવા જેટલો અધિકાર પ્રાપ્ત કરી લીધો છે. ‘ગઝલ’ શબ્દનો અર્થ ‘પ્રેમગોષ્ઠી કરવી’ એવો થાય છે. એક કિંવદન્તી પણ પ્રચલિત છે કે ગઝલ નામના માણસે આખી જિંદગી સ્ત્રીઓ સાથે મોજમજા માણવામાં ગુજારેલી જે ઉપરથી એવી મજા વર્ણવનારા કાવ્યને ‘ગઝલ’ નામ અપાયું. ‘ગઝલ’ શબ્દ મૂળ અરબી ભાષાનો હોવા છતાં સ્વતંત્ર કાવ્ય સ્વરૂપ તરીકે તેનો વિકાસ ઈરાનમાં થયો છે. પરંતુ તેમાં વપરાતાં પારિભાષિક શબ્દો મૂળ અરબી ભાષાના જ રાખવામાં આવ્યા છે. પ્રસ્તુત લેખમાં ગુજરાતી સાહિત્યમાં થયેલો ગઝલનો વિકાસ આલેખવાનો ઉપક્રમ છે.

**ચાવીરૂપ શબ્દો-** ગઝલ, ગુજરાતી સાહિત્ય, વિકાસયાત્રા

**પ્રસ્તાવના:**

પરદેશથી જે સાહિત્ય સ્વરૂપો ગુજરાતીમાં આવ્યાં એ બધાં જ સ્વરૂપો અંગ્રેજી ભાષાની આંગળી ઝાલીને આવ્યા છે જેવા કે સોનેટ, હાઈકુ, તાન્કા, ટૂંકીવાર્તા વગેરે. ગઝલ એક એવું સાહિત્યસ્વરૂપ છે જે અરબી,ફારસી અને ઉર્દૂ ભાષામાંથી ગુજરાતીમાં આવ્યું છે. મધ્યકાલીન સાહિત્યમાં દયારામ અને તેમના સમકાલીન જૈન-જૈનેતર કવિઓએ ગઝલનામી કવિતાઓની રચના કરી છે જેને રેખ્તા નામે ઓળખવામાં આવતી. સવંત ૧૮૭૦માં કૃષ્ણ મહારાજે ‘કલિકાલના ગરબા’માં રેખ્તાના નામે જાણીતા થયેલા આ સ્વરૂપમાં સર્જન કર્યું છે. જેમ કે,

**‘ફરશિયોના હરફ વસ્યા વિપ્રની વાણે**
**ગઝલ રેખતા તરફ ગમતા દીઠા ગાણે.’**

**ગઝલની વિકાસયાત્રા:**

ગુજરાતીના પ્રથમ ગઝલકાર બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયા છે. એમને ફારસી અને ઉર્દૂ ભાષાનું સારું એવું જ્ઞાન હતું આથી ઉર્દૂ સાહિત્યના આગવા અભ્યાસ પછી એમણે ગુજરાતી ભાષામાં ગઝલ રચી. બાલાશંકરે ૧૮૮૭માં ‘ભારતી ભૂષણ’ના પ્રથમ અંકમાં ‘દીઠી નહી’ રદીફ ની પ્રથમ ગુજરાતી ગઝલ આપી .

**“બલિહારી તારા અંગની ચંબેલીમાં દીઠી નહિ,**

**સખ્તાઈ તારા દિલની મેં વજ્રમાં દીઠી નહિ."**

આ સિવાય એમણે 'હાફીઝ'ની ગઝલોનું ગુજરાતીમાં ભાષાંતર કર્યું છે. બાલાશંકરના સમકાલીન મણિલાલ દ્વિવેદીની ગઝલોમાં પ્રેમભક્તિનું પરિણામ દેખાય છે.

**'ફના કરવું, ફના થાવું, ફનામાં શેહ સમાઈ છે**
**મારીને જીવવાનો મંત્ર, દિલબરની દુહાઈ છે'**

કલાપીએ ગઝલને પ્રચલિત અને લોકપ્રિય બનાવી. ઈશ્કેમિજાજી ગઝલનો ફાલ કલાપી આપે છે અને ગઝલ ક્ષેત્રે પોતાનું નામ આગવી હરોળમાં મૂકી દે છે.

**'પેદા થયો છું ઢુંઢવા તુને સનમ**
**ઉમ્મર ગુજારી ઢુંઢવા તુંને સનમ.**
**'જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની,**
**આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની'**

ત્યાર બાદ આવે છે 'શયદા યુગ'. 'શયદા યુગ' એટલે હરજી લવજી દામાણીનો સમયગાળો. શયદાએ ગઝલને ઘડવામાં, વિકસવામાં ખૂબ જ મોટો ફાળો આપ્યો છે. માત્ર ચાર ચોપડી ભણેલા 'શયદા', 'બે ઘડી મોજ' નામનું સાપ્તાહિક ચલાવતા હતા અને એમાં ગઝલને ગતિ આપવાનું કાર્ય કરતા હતા. એ સમયના ઘણા ગઝલકારો જેવા કે અમીન આઝા, સાબિર વટવા, કિસ્મત કુરેશી, 'આસિમ' રાંદેરી, બદરી કાચવાલા, મસ્ત હબીબ સારોદીએ પણ ગઝલ પ્રત્યેનો પોતાનો લગાવ એમની રચનાઓમાં બતાવ્યો છે. આ સિવાય અમૃત 'ઘાયલ', રતિલાલ 'અનિલ', જમિયત પંડ્યા, પતીલ વગેરે ગઝલકારોએ શુદ્ધ ગઝલો આપી છે. માંડ ત્રણેક ગુજરાતી ચોપડી ભણેલ 'ગની' દહીંવાલા, દરજી કામ કરતા હોતા છતાં મરજી પ્રમાણે આગવું કામ ગઝલ સર્જનનું પણ કરતા હતા. એમણે 'ગાતાં ઝરણાં', 'મહેક', 'મધુરપ', 'નિરાંત', 'ફાંસફૂલ' જેવા કાવ્યસંગ્રહ આપ્યા છે. ગઝલક્ષેત્રને લઈને રણજિતરામ સુવર્ણચંદ્રક મેળવનાર અમૃતલાલ લાલજીભાઈ ભટ્ટ ઉર્ફે 'ઘાયલ', ગઝલને ખૂબ જ કાળજીપૂર્વક અને શુદ્ધતાથી આગળ ધપાવે છે. તેઓ 'શૂળ અને શમણાં', 'રૂપ', 'રંગ', 'ઝાંય', 'અગ્નિ' અને આશ્ચર્ય વચ્ચે' જેવા ગઝલ સંગ્રહ આપે છે. ઇમામુદ્દીન મૂર્તઝાખાન બાલીએ 'રુસ્વા મઝલૂમી' ઉપનામથી ગઝલક્ષેત્રે પ્રદાન કર્યું છે. એમણે 'મદિરા' નામે ગઝલ સંગ્રહ આપ્યો છે.

**'બંધ મુઠ્ઠી જેવું છે મારું જીવન**
**આમ છું ખાલી છતાં ભરપુર છું'**

જીવાતા જીવનની ગઝલ આપનાર 'મરીઝ'-અબ્બાસ અબ્દુલઅલી વાસીએ 'આગમન' અને 'નકશા' સંગ્રહ દ્વારા ગઝલની વિકાસયાત્રામાં તેમનું આગવું પ્રદાન કર્યું છે.

**'અમે આડા પડી ત્યાં પણ વિસામા મેળવી લીધા**
**ઊભા રહેવાનીયે સગવડ જે રસ્તામાં નથી હોતી'**
**'મીઠા તમારા પ્રેમના પત્રો સમય જતાં,**
**ન્હોતી ખબર કે દર્દનું વાંચન બની જશે.'**

'શૂન્ય' પાલનપુરી – અલિખાન ઉસ્માન ખાન બલૂચ ગઝલક્ષેત્રે 'શૂન્યનું સર્જન', 'શૂન્યનું વિસર્જન', 'શૂન્યના અવશેષ', 'શૂન્યનો દરબાર' જેવા ગઝલ સંગ્રહોનું ગુજરાતીમાં પ્રદાન કરે છે.

**'હરદમ તને જ યાદ કરું, એ દશા મળે,**
**એવું દરદ ન આપ ,કે જેની દવા ન મળે'**
**'ઘડીભર જીવન થાક લેવા ચહે તો**
**મરણ માની એને ઉતારી ના પાડો.'**

કુતુબ આઝાદ 'આગ અને બાગ'' ,હસતાં ઝખ્મો' ,'શરણાઈ' ,'અરમાન' ,'ધૂપછાંવ' ,'પનઘટ ,' 'અવસર 'જેવા ગઝલ સંગ્રહ આપે છે.

**'વસમી વિદાય ટાણે થોડી સહાય દેજો,**
**પાછું વળીને જોજો, પાછા વળાય નહીં તો'**

'સૈફ' પાલનપુરી-સૈફુદ્દીન ગુલામઅલી ખારાવાલા 'ઝરૂખો' તથા 'હિંચકો' જેવા ગઝલ સંગ્રહ આપે છે.

**'મને દોસ્તોનો અનુભવ ન પૂછો**
**હવે દુશ્મનો પર ભરોસો કરું છું'**

'ઓજસ' પાલનપુરી-મોટોમીયા અલીમીયાં સૈયદ-'ઓજસ' સંગ્રહ દ્વારા ગુજરાતી ગઝલ ક્ષેત્રે પ્રદાન કરે છે.

**'અમારો પ્રેમ છે કિન્તુ અમારું કૈ નથી એમાં,**
**મિલન ! એ પણ તમારું છે, વિરહ ! એ પણ તમારો છે.'**

શેખાદમ આબુવાલા 'દિવાને આદમ' જેવો ગઝલ સંગ્રહ આપે છે.

**'જીતતાં જીતાઈ ગઈ બાજી બધી,**
**એક આ દિલની લડત મોંઘી પડી.'**
**'એથી તો કહું છું કે મૃત્યુની વાત કર,**
**જીવનનો ભેદ પામી જનારા ઉદાસ છે.'**

શ્યામ સાધુએ 'યાયાવરી' નામે ગુજરાતી ગઝલ સંગ્રહ આપ્યો છે.

**'વસ્ત્ર ભીનાં હો,નીતરી નાખીએ**
**પણ ઉદાસી ક્યાં ઉતારી નાખીએ'**
**'વાત દરિયાની કરી છલકાય છે**
**માણસો પણ કેવા કેવા થાય છે.'**

રતિલાલ 'અનિલ'- ' ડમરો અને તુલશી ' , ' મસ્તીની પળોમાં ' જેવા કાવ્ય સંગ્રહ આપે છે.

**'નથી એક માનવી પાસે બીજો માનવી હજી પહોંચ્યો**
**'અનિલ' મેં સાંભળ્યું છે ,ક્યારનો બંધાય છે રસ્તો.'**

**'અસ્તિત્વનાં પરાક્રમે આ શું કર્યું 'અનિલ',**
**દર્પણ બનાવવા જતાં ચહેરો ફૂટી ગયો.'**

મનોજ ખંડેરિયાએ 'અચાનક', 'અટકળ' , 'અંજની ', 'હસ્તપ્રત', 'રસ્તા વસંતના ', 'પીછું' વગેરે ગઝલ સંગ્રહો આપ્યા છે.

**'જે શોધવામાં જિંદગી આખી પસાર થાય,**

**ને એજ હોય પગની તળે એમ પણ બને.'**

બરકતઅલી વિરાણી – 'બેફામ ', 'માનસર', 'ઘટા' અને ' પ્યાસ ' જેવા ગઝલ સંગ્રહ આપે છે.

**'બેફામ' તોય કેટલું થાકી જવું પડ્યું ,**

**નહિતર જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી'**

**'ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી,**

**જે સારા હોય છે એની દશા સારી નથી હોતી.'**

રાજેન્દ્ર શુક્લ અધ્યાત્મને અનુલક્ષતી ગઝલો આપે છે. 'કોમલરિષભ', 'અંતર ગાંધાર', 'સ્વવાચકની શોધમાં', 'ગઝલસંહિતા', 'સેંજળ' જેવા સંગ્રહમાં એમની ગઝલો મળે છે.

**'કીડી સમી ક્ષણોની આ આવ જા શું છે !**

**મારું સ્વરૂપ શું છે ? મારો સ્વભાવ શું છે ?'**

આદિલ મન્સૂરી 'પગરવ', 'સતત' નામે ગઝલ સંગ્રહ આપે છે.

**'નદીની રેતમાં રમતું નગર મળે ન મળે..**

**ફરી આ દ્રશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે.'**

મનહર મોદી 'આકૃતિ', 'ઓમ તત્ સત્,', '૧૧ દરિયા' , 'હસુમતી અને બીજા', 'મનહર અને મોદી' જેવા ગઝલ સંગ્રહ આપે છે.

**'બને તો એમને કહેજો કે ખુશબો મ્યાનમાં રાખે ,**

**બગીચામાં બધા ફૂલોની હમણા ઘાત ચાલે છે'**

ચિનુ મોદી 'ક્ષણોના મહેલમાં ', 'ઇર્શાદગઢ ', 'અફવા ', 'ઈનાયત', 'નકશાના નગર ', 'આધા પાછા શ્વાસ', 'ખારાં ઝરણ' જેવા કાવ્ય- ગઝલ સંગ્રહ આપે છે.

**'કોઈ ઈચ્છાનું હવે વળગણ ન હો,**

**એ જ ઈચ્છા છે હવે એ પણ ન હો '**

**'આ ગઝલ લખવાનું કારણ એ જ છે**

**આંખને ખૂણે હજીએ ભેજ છે.'**

ભગવતીકુમાર શર્મા 'સંભવ', 'છંદો છે પાંદડા જેના' , 'ઉજાગરો' જેવા ગઝલસંગ્રહ આપે છે.

**'ઉદાસી આ સુરજની આંખે ચડી છે,**

**તમારા વિના સાંજ ડૂસકે ચડી છે.'**

હરીશ કૃષ્ણરામ દવે – 'હરીશ મિનાશ્રુ', 'તાંબુલ', 'તાંદુલ' , 'પર્જન્ય સૂક્ત ' , 'સુનો ભાઈ સાધો ' જેવા સંગ્રહોમાં ગઝલ આપે છે.

**'એક તાળી દેતામાં ભવ વીતે,**

**હવે માણસ જીવે તો કઈ રીતે !'**

હર્ષ બ્રહ્મભટ્ટ 'એકલતાની ભીડમાં ', 'અંદર દીવાદાંડી', 'મૌનની મહેફિલ', 'જીવવાનો રિયાઝ', 'ઝાકળ અને તડકાની વચ્ચે ' 'ખુદને ય ક્યાં મળ્યો છું ' જેવા સંગ્રહમાં ગઝલો આપે છે.

**'મેં જ તો એને સતત ઝંખી હતી,**
**વેદના મારી જીવન સંગી હતી.'**
**'ભાગ્ય પણ કેવું ઘડ્યું છે ઈશ્વરે,**
**ખેતરો ખોવાય ને હળ મળે '**

આ ઉપરાંત ખલીલ ધનતેજવી, હર્ષદ ચંદારાણા, મુકુલ ચોકસી, અદમ ટંકારવી, ઉદયન ઠક્કર, શોભિત દેસાઈ, એસ.એસ.રાહી, ઉર્વીશ વસાવડા, પતીલ, કિસન સોસા, નયન દેસાઈ, રઈશ મનીઆર, ભરત વિંઝુડા, દિલીપ વ્યાસ, હરીશ ધોબી, અશરફ ડબાવાલા, હર્ષદ ત્રિવેદી, હેમેન શાહ, મુકુલ ચોકસી, મકરંદ મુસળે, દિનેશ ડોંગરે, અશોક ચાવડા, અનિલ ચાવડા, ભાવેશ બ્રહ્મભટ્ટ, લલિત ત્રિવેદી, કિરણ ચૌહાણ, રશીદ મીર, રાજેશ વ્યાસ 'મિસ્કીન' જેવા ગઝલ સર્જકોએ પણ ગઝલક્ષેત્રે પોતાનું યોગદાન આપ્યું છે.

**ઉપસંહાર-**

ગઝલ આટલી આગવી ગતિએ આગળ વધે છે. તો સામે પક્ષે ઘણાં ભયસ્થાનો પણ સર્જાયા છે. અત્યારે ગઝલ સૌથી વધારે લખાય છે, છપાય છે. sms માં ફરતી થઇ છે અને ગઝલકારો 'ફેસબુક' અને 'વોટ્સ અપ' ઉપર પોતાની ગઝલો મૂકે છે. ગૌરવ સભર મુશાયરા થતાં હતા એ ચબરાક સંચાલકો દ્વારા સાવ નિમ્ન કક્ષાએ પહોંચી ગયાં છે. ગઝલ વિવેચનની વાત સાવ છૂટતી ગઈ છે. ગઝલ સંગ્રહોનો, ગઝલગ્રંથોનો અભ્યાસ કરવાની વાત છૂટતી ચાલી છે. કોઈપણ વાત કાફિયા-રદીફ માં ગોઠવો એટલે ગઝલ કહેવાય એ માન્યતાને લીધે ગઝલ સ્વરૂપનું સ્તર નિમ્ન બનતું જાય છે. ફારસીમાં ૧૦૦૦ વર્ષ, ઉર્દૂમાં ૬૦૦ વર્ષ અને ગુજરાતીમાં લગભગ ૧૨૮ વર્ષની સુદીર્ઘ પરંપરા ધરાવતા સાહિત્ય સ્વરૂપ ગઝલનો પાક આજે મબલક ઉતરે છે. એ છતાં એમાં સત્વશીલતા કેટલી ? જેવાં પ્રશ્નો અનેક રીતે સર્જાય છે. તે છતાં આજેય એના પ્રવાહને લઈને ગઝલ આગળ વધી રહી છે. ક્યાંક ખૂબ જ ઓછી છતાં સાચી ગઝલ મળે છે, અને આ રીતે ગઝલ એના પ્રવાહને લઈને આગળ વધી રહી છે.

સંદર્ભ-


૧. 'ગઝલ', લેખક :કાદરી શકીલ, પ્રકાશક : પાર્શ્વ પબ્લીકેશન :અમદાવાદ, પ્રથમ આવૃત્તિ - ૨૦૦૫
૨. 'ગુજરાતી ગઝલની સૌંદર્ય મીમાંસા' ,લેખક :મીર રશીદ, પ્રકાશક : રન્નાદે પ્રકાશન,દ્વિતીય આવૃત્તિ – ૨૦૦૬
૩. 'સ્વરૂપ સન્નિધાન ', તંત્રી :સુમન શાહ ,પ્રકાશક : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ,૧૯૯૭,
૪. 'ગઝલ શીખીએ', લેખક: દેસાઈ પ્રકુલ,પ્રથમ આવૃત્તિ -૨૦૦૭